ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58245

Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૨૧ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૧૫-૧૨-૨૦૧૭ શુક્રવાર ● વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ● પાના : ૪


## આર્યવન, રોજડ ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ઝોનલ કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પ્રચારયાત્રા દરમ્યાન પોતાની જન્મભૂમિ ગુજરાતમાં પદાર્પણ કરેલા તેની ૧૪૨ મી વર્ષગાંઠ નિમિત્તે રાજ્યભરમાં વક્તૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ગત ૪થી ડિસેમ્બરનાં રોજ આર્યવન વિકાસ ફર્મ-રોજડ ખાતે આ સ્પર્ધા યોજવામાં આવી હતી.

દર્શન યોગ મહાવિદ્યાલયનાં કાર્યકારી આચાર્ય સ્વામી ધ્રુવદેવજીનાં અધ્યક્ષ સ્થાને આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આર્યવનના ટ્રસ્ટી શ્રી પ્રભુલાલ વેલાણી તથા દયાનંદ આર્ય વિદ્યાલયનાં આચાર્ય શ્રી ધર્મેન્દ્ર રાવલનાં માર્ગદર્શનમાં યોજાયેલી આ સ્પર્ધામાં બે વિષયો રાખવામાં આવ્યા હતા. જેમાં એક વિષય માનવ સંગઠનના ઉપાયો અને બીજો વિષય આદર્શ પરિવાર રાખવામાં આવ્યો હતો.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની શાળાના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જે. એસ. હાઈસ્કુલ, ધનસુરાનાં ધોરણ-૧૧માં ભણતા વિદ્યાર્થી શ્રી જીતેન્દ્રકુમાર ખાંટે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. કે. એન. શાહ હાઈસ્કુલ, મોડાસાની ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. દર્શના એન. પંચાલે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે તલોદની ટ્રિનિટી હાઈસ્કુલની ધોરણ ૧૧ની વિદ્યાર્થીની કુ. આંશુ એન. પબરેજાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.





આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે આચાર્ય દિનેશકુમાર તથા દયાનંદ આર્ય વિદ્યાલય (માધ્યમિક)નાં આચાર્યા કોમલબહેન પટેલે સેવાઓ આપી હતી. આર્યવન આર્ષ કન્યા ગુરૂકુળના સમર્પિત કાર્યકર્તા શ્રી ભાઈલાલભાઈ પટેલ તથા ભાભરથી પધારેલા નિવૃત્ત શિક્ષક શ્રી પ્રભુદાસભાઈ ઠક્કર તથા શાળાઓના શિક્ષકગણ પણ ઉપસ્થિત રહ્યાં હતા. આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ટ્રોફી, પ્રમાણપત્ર, રોકડ ઈનામ તથા વૈદિક સાહિત્ય સ્વામી ધ્રુવદેવજી તથા આચાર્ય દિનેશજીનાં વરદ હસ્તે આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શ્રી પ્રભુલાલ વેલાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે કાર્યક્રમનાં અંતિમ ચરણમાં સ્વામી ધ્રુવદેવજીએ બાળકોને પ્રેરણાપ્રદ માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં આભારવિધિ બાદ ભોજન પ્રસાદી ગ્રહણ કરી સૌ છૂટા પડ્યા હતા.

## આર્યસમાજ, કાંકરિયા દ્વારા સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ સમારોહ યોજવામાં આવશે

અમદાવાદ સ્થિત આર્યસમાજ-કાંકરિયા દ્વારા આગામી ૨૪મી ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ સમારોહ યોજવામાં આવનાર છે. આર્યસમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીનાં પ્રમુખ શિષ્ય અને ભારતમાં પ્રાચીન ગુરૂકુળ પરંપરાની પુન: સ્થાપના કરનારા, વિશ્વપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા ગુરૂકુળ, કાંગડી હરિદ્વારની સને ૧૮૯૮માં સ્થાપના કરનારા, ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં પોતાનું બલિદાન આપનારા આર્ય મહાપુરુષ સ્વામી શ્રદ્ધાનંદ સરસ્વતીને શ્રદ્ધાંજલિ આપવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આર્યસમાજમાં લગ્ન કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનાર દંપતિઓને અને તેમના પરિવારજનોને પણ આ કાર્યક્રમમાં ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે. સૌ આર્યોને પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આર્યસમાજનાં પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, મંત્રી શ્રી ભરતભાઈ અગ્રવાલ, કોષાધ્યક્ષ શ્રી રાજકુમાર યાદવ અને સંયોજિકા શ્રીમતી શશીબહેન કંસારાએ ખાસ આમંત્રણ પાઠવ્યું છે.

આર્યસમાજ ભવનમાં યોજાનારા આ સમારોહનો પ્રારંભ વૈદિક હવન દ્વારા કરવામાં આવનાર છે. ૨૪મી ડિસેમ્બરે સવારે ૯ કલાકે હવન શરૂ કરવામાં આવશે, જે ૧૦.૧૫ કલાકે પૂર્ણ થશે. હવન બાદ ૧૧ વાગ્યા સુધી સંસ્કૃત ભાષાનાં વિદ્વાન અને વૈદિક પ્રચારક શ્રી કમલેશકુમાર શાસ્ત્રી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવશે.

ભજનોના માધ્યમથી વેદનો ઉપદેશ કરવાની પરંપરા ખૂબ પ્રચલિત છે. આમ પણ સામાન્ય નાગરિકોને ભજનમાં વધારે આનંદ આવતો જોવા મળે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ આર્યસમાજ દ્વારા પ્રસિદ્ધ ભજનોપદેશક શ્રી નરેશદત્તજી આર્યને આમંત્રણ આપવામાં આવ્યું છે. શ્રી નરેશદત્તજી દ્વારા ૧૧ થી ૧૧.૪૫ દરમ્યાન ભાવપૂર્ણરીતે સ્વામી શ્રદ્ધાનંદજીને શ્રદ્ધાંજલિ અર્પતા ભજનો તથા આર્યસમાજની ગાથા ગાતા ભજનોનું રસપાન કરાવવામાં આવશે.

ત્યારબાદ પરિચય અને સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. કાર્યક્રમનાં અંતે બપોરે ૧૨ કલાકે સૌ આમંત્રિત શ્રોતાગણ માટે સ્વરૂચિ ભોજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

# ક્ષમા કરવાથી અનેકવાર ધૈર્યની માત્રા વધે છે, સહનશક્તિ વધે છે, આત્મિકબળ વધે છે

**ભૂમિકા : જો કે અસમર્થ મનુષ્યની ક્ષમા શોભા તો દેતી નથી પરંતુ જેણે તેને ચોટ પહોંચાડી છે, તે તેનાથી અધિક પ્રબળ હોવાથી તેનો પ્રતિરોધ કરશે તો તેનું પોતાનું જ નુકશાન થશે એમ વિચારી મજબુર હોવાથી, ચોટ પહોંચાડનારને પણ ક્ષમા કરવી પડે છે. વાસ્તવમાં ક્ષમા કોણ કરી શકે છે ? આચાર્યવર કહે છે કે...**

**(૪૯) સામર્થ્યવાન જ ક્ષમા કરી શકે છે.**

ક્ષમા કરવા માટે બીજા ગુણોની અપેક્ષા હોય છે. તે છે સામર્થ્ય. સામર્થ્યવાન મનુષ્ય જ ક્ષમા પ્રદાન કરી શકે છે. જેનામાં સહન કરવાની ક્ષમતા ન હોય અને ક્ષમા કરે તો ક્ષમા કર્યા પછી પણ તેના મનમાં સમસ્યા ઉત્પન્ન થાય છે. જેનાથી તે જલે છે, દુઃખી થાય છે અને ક્ષુબ્ધ રહે છે. તેનું ક્ષમા કરવાનું નકામું થઈ જાય છે. ક્ષમા તેણે કરવી જોઈએ જેનું સામર્થ્ય હોય અથવા તે પોતાનું સામર્થ્ય બનાવે. સામર્થ્ય વિના જો ક્ષમા કરે તો ક્ષમા કરવાનું તેનું પ્રયોજન સિદ્ધ થશે નહિ. ક્ષમા કરવા છતાં પણ તે મનુષ્ય ઈર્ષાની આગમાં બળતો રહેશે, દુઃખી થતો રહેશે, પ્રતાડિત રહેશે, આંદોલિત રહેશે, ક્ષુબ્ધ રહેશે અને મનથી નિરાશા અનુભવશે. તેથી તમારૂં સામર્થ્ય પ્રાપ્ત કરો.

જેને ક્ષમા કરવાનું સામર્થ્ય ન હોય, જ્ઞાન-વિજ્ઞાન ન હોય, ધૈર્ય ન હોય, સહનશક્તિ ન હોય તો તે વ્યક્તિએ ધૈર્ય ધારણ કરવું જોઈએ. જો કે ક્ષમા કરવાથી અનેકવાર ધૈર્યની માત્રા વધે છે, સહનશક્તિ વધે છે, આત્મિકબળ વધે છે. આ સર્વ વધવાનું કારણ છે ક્ષમા કરવાનો પ્રયોગ. પરંતુ અનેકવાર ક્ષમા કરી દેવા છતાં પણ (વાણી અને શરીરથી કોઈ પ્રતિશોધ કર્યો ન હોય તેમ છતાં પણ) વ્યક્તિ અંદરથી શાંત હોતી નથી, નિશ્ચિત હોતી નથી. મનમાં પ્રતિશોધનાં અને ક્ષોભનાં સંસ્કાર બનતા રહે છે, ઉત્પન્ન થતા રહે છે. તેથી ક્ષમા કરનારાએ પોતાની અંદર ધૈર્ય, સહનશક્તિ, જ્ઞાન-વિજ્ઞાન અને સામર્થ્યને વધારવું જોઈએ.

ક્ષમાનો વિષય ઘણો ગંભીર છે. જ્યાં ક્ષમા લાભકારી હોય છે, ત્યાં હાનિકારક પણ હોય છે. ક્યારે,



**સમસ્યા સમાધાન..**
**- આચાર્ય જ્ઞાનેશ્વરજી**
**અનુવાદ - વાનપ્રસ્થા જયાબહેન**

ક્યાં, ક્યા વિષયમાં, કોની સાથે, કેટલી માત્રામાં ક્ષમા કરવી જોઈએ, એ ઘણો જ ગંભીર વિષય છે. વિશેષ કરીને જે વિષયોમાં સામાજિક અને રાષ્ટ્રીય પરિસ્થિતિઓ વિશેષ ઉત્પન્ન થતી હોય છે, ત્યાં તો આ બહુ જ ગંભીર બને છે. પરંતુ જો વ્યક્તિગત કાર્ય હોય કે જ્યાં થોડી-ઘણી હાનિ થતી હોય કે થાય છે, ત્યાં વ્યક્તિએ ગંભીર રહી, ધૈર્ય ધારણ કરી, પ્રતિશોધની ભાવના ઉત્પન્ન કર્યા વિના ક્ષમા કરવી જોઈએ. ત્યાં આ રીતની પ્રવૃત્તિ નિર્માણ કરવી એ ઉત્તમ ગુણ છે.

## અજ્ઞાન, શીઘ્રતા, આળસ, પ્રમાદ અને બૌદ્ધિક સ્તરના ઉંચા-નીચા હોવાથી સૌથી દોષ થાય છે, તેને ક્ષમા કરવી જોઈએ

**ભૂમિકા : આધ્યાત્મિક સમસ્યા કેવી રીતે પેદા થાય છે, આ પ્રક્રિયા આચાર્યજી બતાવી રહ્યાં છે...**

**(૫૦) ઈચ્છાઓનો આગ્રહ સમસ્યા પેદા કરે છે.**

આત્માનો સંબંધ બુદ્ધિ (સમજ)થી થાય છે. બુદ્ધિનો સંબંધ અહંકાર (મારાપણા)થી પેદા થાય છે. અહંકારનો સંબંધ મનથી થાય છે. મનનો સંબંધ જ્ઞાનેન્દ્રિયોથી થાય છે. જ્ઞાનેન્દ્રિયોનો સંબંધ ઈન્દ્રિયોના બહારનાં આંખ-કાન આદિ ગોલકોથી થાય છે. આંખ આદિ ગોલકોનો સંબંધ ઈન્દ્રિયો દ્વારા બહારના વિષયોથી થાય છે. વિષય ઈન્દ્રિયોની પાસે આવે છે ત્યારે વિષયોની સાથે ઈન્દ્રિયોના સંપર્કથી બહારના વિષયનું જ્ઞાન મનના માધ્યમથી થતાંની સાથે જ વ્યક્તિના મનની અંદર તે વિષયથી સંબંધિત કામનાઓ ઉત્પન્ન થાય છે. જેવી તૃષ્ણા ઉત્પન્ન થઈ, મનોરથ ઉત્પન્ન થયા, ચાહના ઉત્પન્ન થઈ કે તેવી જ વ્યક્તિ તેને પ્રાપ્ત કરવાને માટે પ્રયાસ કરે છે. વ્યક્તિ તેના વિષયમાં શોધખોળ કરે છે, તેની સંનિકટતા પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે કે - એ મને મળે. જ્યારે એ ચીજ તે વ્યક્તિને મળી જાય છે ત્યારે તેને તે વિષય ભોગવવાની ઈચ્છા થાય છે.

એવું હોવું સંભવ નથી કે (અનુ. પાન-૩ ઉપર)

# વેદનું અધ્યયન, આત્મવિચાર તથા વૈદિક સત્સંગ કરનાર મનુષ્ય જીવનમાં ક્યારેય ભટકતો નથી

સંસારના શ્રેષ્ઠતમ બુદ્ધિજીવીઓમાં વેદનું મહત્વ સર્વોપરી છે. તેઓ વેદોને જ પોતાનું સર્વસ્વ માને છે. વેદ સંસારની પ્રાચીનતમ જ્ઞાન-વિજ્ઞાન રાશિ છે. સુપ્રસિદ્ધ પ્રો. મેક્સ મૂલરનાં શબ્દોમાં માનવ પુસ્તકાલયની પ્રાચીનતમ પુસ્તક વેદ છે. વેદ માનવ સભ્યતાનો મૂળ સ્રોત છે અને ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનો પ્રાણ છે. ઈતિહાસ કે ભૂગોળની સિમાઓ વેદોને બાંધી શકતી નથી. વેદનો ઉપદેશ કોઈ જાતિ વિશેષ કે દેશ વિશેષ માટે નથી. તે માનવ માત્ર માટે સાર્વત્રિક અને સાર્વકાલિક સત્ય છે. શાશ્વત અને સનાતન સત્ય છે. વેદ પરમપિતા પરમેશ્વરનું સૃષ્ટિની આદિમાં સર્વજનહિયાત સર્વજનસુખાય આપેલું સંવિધાન છે. જેમ ઈશ્વરે બનાવેલ સૂર્ય, ચંદ્ર, વાયુ, જળ, પૃથ્વી, આકાશ, વાદળ, વર્ષા, વૃક્ષ અને વનસ્પતિ બધા માટે છે તેમ વેદ દરેક માનવ માટે છે. વેદોનું જ્ઞાન કદી સમાપ્ત થતું નથી, ખંડિત થતું નથી કે જીર્ણ થતું નથી. તે સદાય પૂર્ણ અને નવીન છે.

વેદ સંતપ્ત અને દુઃખી માનવજાતિના કલ્યાણનો માર્ગ બતાવનાર દિવ્ય ગ્રન્થ છે. માનવમાત્રને વૈયક્તિક, પારિવારિક, સામાજિક ને રાષ્ટ્રીય કર્તવ્યનું જ્ઞાન કરાવી તેને સુખ, શાંતિ અને આનંદનો સાચો માર્ગ બતાવવો વેદનો પવિત્ર ઉદ્દેશ્ય છે. વેદનો આદેશ અને ઉપદેશ મનુષ્યને નીચે પડતા બચાવવાનો જ નહિં, પરંતુ નિરંતર ઉપર ઉઠવાની પ્રેરણા આપનારો છે. વેદ કહે છે કે 'હે અમૃત પુત્રો! વિશ્વના સર્વ મનુષ્યો સાંભળો.' પરમેશ્વરે માનવ જાતિ માટે કરેલું આ સંબોધન કેટલું દિવ્ય છે. તે ઈચ્છે છે કે બધા જ મારા પુત્રો આ પાપયોનિ, કર્મયોનિ અને ભોગયોનિનાં જન્મ-જન્માન્તરોના ચક્રમાંથી છૂટી ફરીથી મારી ગોદમાં આવી મોક્ષનો આનંદ પ્રાપ્ત કરે. આચાર્ય સાયણે તૈતરીય સંહિતાનું ભાષ્ય કરતાં લખ્યું છે કે જે પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી અર્થ નથી જાણી શકતો તે વેદથી જરૂર જાણી શકાય છે. આ જ વેદનું



**વેદ સ્વાધ્યાય**
**- મહેન્દ્ર ગાંધી**

વેદત્વ છે. જે જ્ઞાન-વિજ્ઞાનને તર્ક દ્વારા વર્ષો સુધી જાણી ન શકાય તે જ્ઞાનને સ્વાધ્યાયકર્તા સમક્ષ વેદ સ્વતઃ પ્રસ્તુત કરી દે છે.

વેદોની મહત્તા પ્રાચીન ભારતમાં વિશેષરૂપે સ્વીકાર કરી તેના અધ્યયન-સ્વાધ્યાય ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. આચાર્ય મનુની દૃષ્ટિમાં વેદોનો અભ્યાસ જ સ્વાધ્યાય છે. મહર્ષિ પતંજલિએ યોગ દર્શનમાં તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાનને ક્રિયાયોગ કહ્યો છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ વેદ સ્વાધ્યાયને ધર્મ જ નહિં બધા મનુષ્યોનો પરમ ધર્મ નિશ્ચિત કર્યો છે. ઋષિ-મુનિઓએ વેદ સ્વાધ્યાય દરેક વર્ણ અને આશ્રમો માટે નિયત કરેલ છે. સંન્યાસ

## વેદનો આદેશ અને ઉપદેશ મનુષ્યને નીચે પડતા બચાવવાનો જ નહિં, પરંતુ નિરંતર ઉપર ઉઠવાની પ્રેરણા આપનારો છે

આશ્રમ માટે પણ આવશ્યક ગણાવ્યો છે અને વિધાન કર્યું છે કે સંન્યાસી બધાનો ત્યાગ કરે પરંતુ વેદ સ્વાધ્યાયનો ત્યાગ કદી ન કરે.

વેદનું અધ્યયન, આત્મવિચાર તથા વૈદિક સત્સંગથી મનુષ્ય જીવનમાં કદી ભટકતો નથી. સ્વાધ્યાયમાં માનવ જીવનને શાંતિમય, ગુણમય, જ્ઞાનમય, આનંદમય બનાવવાનો ગુણ છે. દ્વિજન્મા સંજ્ઞા તો સ્વાધ્યાયથી જ પ્રાપ્ત થાય છે. વેદ સ્વાધ્યાયને સર્વોપરિ માનનાર ભારતવર્ષમાં વર્ષા ઋતુનાં ચાર માસમાં વિશેષરૂપે વેદપાઠ, સ્વાધ્યાય અને ધર્મોપદેશનું આયોજન થતું હતું. તે કાળે ભારતમાં વેદોના વિદ્વાનોનું ખૂબ સન્માન થતું હતું. ન્યાય કરતી વખતે એક વેદજ્ઞ ધાર્મિક પુરૂષનું પ્રમાણ સહસ્ત્ર અવેદજ્ઞ પુરૂષો કરતાં વધારે માન્ય ગણાતું. સ્મૃતિકાર અનુસાર જે માણસ દ્વિજનું શરીર પ્રાપ્ત કરી વેદોને છોડી અનાર્ષ ગ્રન્થોના સ્વાધ્યાય સંબંધી પરિશ્રમ કરતો હોય તો તેને શુદ્ર વર્ણ પ્રાપ્ત થઈ જતો હતો.

વેદોનું ભારતીય જીવનમાં આટલું બધું મહત્વ હોવાથી સંસારના રચયિતા તથા (અનુ. પાન-૩ ઉપર)

# જીવનને ઉન્નત બનાવવા જે પ્રેરણાઓ આપે આપી છે તેને હંમેશા યાદ રાખી તે મુજબ શ્રેય માર્ગે આગળ વધીશું

સમાદરણીય પૂજ્ય આચાર્ય જ્ઞાનેશ્વરજી, આજ વર્તમાનમાં આપ સદેહે અમારી મધ્યે ભલે નથી રહ્યાં, પરંતુ આપના અસ્તિત્વનો આભાસ આ વાનપ્રસ્થ સાધક આશ્રમના એકેએક ઝાડ-છોડ અપાવી રહ્યાં છે. આપે પ્રેમથી સંતાનની જેમ ઉછેરેલ ઝાડ-છોડ જાણે આપની યાદમાં ઝૂરતા હોય એવો ભાસ થાય છે. ભારતભરમાં ક્યાંય આવો પ્રકૃતિ-સૌંદર્યથી ભરપૂર બીજો વાનપ્રસ્થ સાધક આશ્રમ હશે કે કેમ? આ આશ્રમમાં જ્યાં સવાર-સાંજ સૂર્યોદય સમય અને સૂર્યાસ્ત બાદ નિયમિત બંને સમયે અચૂક અડધા કલાક સુધી પક્ષીઓના કલરવથી ગૂંજતો મધુર કલબલાટ સાંભળવા મળે છે. તેને સાંભળવો એ પણ એક અનેરો લ્હાવો છે. પક્ષીઓ પણ જે કોઈએ બીજે ક્યાંય આટલી અગણિત સંખ્યામાં ન જોયા હોય તેવા પોપટ. ચકલી, ચકલા, કાગડા નહિં પરંતુ સંપૂર્ણ સંખ્યા પોપટની જ. રાતવાસો કરવા આવેલ અસંખ્ય પોપટને જોઈને અમને ઘણીવાર વિચાર આવી જાય છે કે આ પોપટનો આશ્રમ સાથેના સંબંધનું શું રહસ્ય હશે? ઈશ્વર જાણે. ખરેખર આચાર્યજી, આવું વાતાવરણ જોઈને લાગે છે કે આવો આશ્રમ તો આપ જ ઉભો કરી શકો. જ્યાં બિલકુલ જંગલ હતું એ ઠેકાણે મંગલ આપ જ કરી શકો.

આચાર્યજી, આપ વિના આશ્રમ સુનો સુનો લાગે છે. આપના વિના ઝાડ-છોડ ઝૂરતા હોય તો પછી આશ્રમવાસીઓ, બ્રહ્મચારીઓ, કાર્યકર્તાઓ વગેરેની આપના જવાથી શી દશા થઈ હશે? અરે, આપ તો આપના વયોવૃદ્ધ ગુરૂજીને છોડીને જતા રહ્યાં. સામાન્યરીતે આપ તો અતિશય દયાળુ છો છતાંપણ ગુરૂજી - સ્વામી સત્યપતિજીની દયા ન આવી ? અમે સર્વે મળીને આપના દેહને આગ ચાંપી અંત્યેષ્ટિ સંસ્કાર કર્યો ત્યારે અમને બધાને કેટલું દુ:ખ થયું હશે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે આચાર્યજી! આપના દેહની અગ્નિ જ્વાળાઓ આકાશમાં ઉંચે ચઢી-ચઢીને જાણે આપ દ્વારા પોકારતી હોય તેવો ભાસ થયો - જાણે કહેતા હોવ કે - ધ્યાન સે સુનો મનુષ્યો ! જેમ આજે મારું શરીર અગ્નિદેવને શરણે થઈ રહ્યું છે તેમ આપ સર્વને પણ એક દિવસ જવાનું છે એ ન ભૂલશો. તમારી પાસે હજુ સમય બાકી રહ્યો છે તેમાં જેટલું બની શકે તેટલું જગતનું ભલું કરતાં જાવ, પરમેશ્વરકૃત વેદના સંદેશને દુનિયામાં પ્રસરાવતા જાવ જેથી માનવ સમાજ વેદ તરફ પાછો વળે અને સુખી થાય. બીજાને નિ:સ્વાર્થભાવે સુખી કરવાનું પૂણ્ય મળશે.



## આચાર્ય જ્ઞાનેશ્વરજીને શ્રદ્ધાંજલિ - ૧

**- વાનપ્રસ્થા જયાબહેન પોરિયાર્યા**

આચાર્યજી, એ પવિત્ર ભાવના અમે ભૂલીશું નહીં. જીવનને ઉન્નત બનાવવા જે પ્રેરણાઓ આપે આપી છે તેને હંમેશા યાદ રાખી તે મુજબ શ્રેય માર્ગે આગળ વધીશું. જો કે હજુ તો આ શ્રેય માર્ગે ચાલવા અમે પ્રયત્ન જ આરંભેલ હતો, બે ચાર ડગ માંડ ભર્યા હતા ત્યાં અધવચ્ચે સંસારના મધદરિયે વહાણમાં અમને એકલા મૂકીને અનંતને પંથે આપે પ્રયાણ કર્યું. આપનો વાત્સલ્યભાવ આશ્રમવાસીઓ કેમ કરીને વિસારી શકશે? આજે આપને ગયાને એક મહિનો થવા આવ્યો છે છતાં પણ સર્વ સુનકાર અનુભવી રહ્યાં છે. આચાર્યજી, ભલે આપ કહો

**અમે સર્વે મળીને આપના દેહને આગ ચાંપી અંત્યેષ્ટિ સંસ્કાર કર્યો ત્યારે અમને બધાને કેટલું દુ:ખ થયું હશે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે આચાર્યજી !**

કે આધ્યાત્મિક માર્ગે અમારે આપને યાદ કરીને દુ:ખી ન થવું જોઈએ. એકવાર તો બધાંને આ શરીર છોડી જવાનું નિશ્ચિત છે અને બીજો જન્મ મળવાનો પણ નિશ્ચિત છે તો દુ:ખ શાનું? છતાં પણ અજ્ઞાનતા અને અવિદ્યાને કારણે દુ:ખ લાગે છે.

આચાર્યજી, આપે અનેકવાર મૃત્યુની વાત પણ અમને કરી હતી. મૃત્યુનો ડર આપે અમારા મનમાંથી કઢાવી નાંખ્યો હતો, છતાં પણ અમે વાસ્તવિકતા વિચારી ન હતી. કદી વિચાર્યું ન હતું કે આપના વૃદ્ધ માતા-પિતા અને મોટાં બહેન-ભાઈ બધાને છોડીને આપ વહેલા ચાલ્યા જશો. અમારામાં આપના જેવું જ્ઞાન હજુ વિકસિત થયું નથી તેથી દુ:ખ તો થાય જ ને? આપ આજ્ઞાકારી પુત્રની જેમ વાનપ્રસ્થીઓની સેવા કરી રહ્યાં હતા. તેઓની નાની-મોટી જરૂરિયાતો પ્રેમથી પૂરી પાડતા હતા. હજુ આપના જવાના ત્રણ-ચાર દિવસ પહેલાં જ આશ્રમનાં વયોવૃદ્ધ આપનાં પિતાતુલ્ય રણસિંહજી આર્યને માટે જેઓ ઉંમરના કારણે પોતાની કુટિરમાંથી વધુ સમય બહાર નીકળી શકતા ન હતા તો તેમના માટે હિંડોળો લઈને તેઓને કહ્યા વિના કુટિરની પરસાળમાં રાખી દીધો, જેથી તેઓ હિંડોળે બેસીને આનંદનો અનુભવ કરી શકે. આટલું ઝીણવટભર્યું ધ્યાન તો સગા દિકરાઓ પણ ભાગ્યે જ રાખતા હોતા નથી.

કર્મચારીઓ અને બ્રહ્મચારીઓને તેઓની ભૂલના કારણે ઠપકો કોઈકોઈ વાર આચાર્યજી આપતા હતા. તેની પાછળ તેમની ભાવના તેઓના જીવન સુધારણાની હતી. કર્મચારીઓ અને બ્રહ્મચારીઓ માટે તેઓ નાળીયેર સમાન હતા. ઉપરથી થોડા કઠોર પરંતુ અંદરથી દયારૂપી મધુર જળથી ભરેલા અને કોપરારૂપી મીઠાશ-વાત્સલ્યથી ભરપૂર હતા. બ્રહ્મચારીઓનું નિર્માણ કેમ કરવું તે આચાર્યજી સંપૂર્ણરીતે જાણતા હતા. તેઓ ઘણીવાર તેમને કહેતાં કે - હું તો ઘણો ઓછો ઠપકો આપું છું, મારા ગુરૂજી તો મારાથી ડબલ કઠોર અનુશાસનમાં અમને રાખતા હતા. તેથી જ અમારા બધાનું યોગ્ય નિર્માણ થયું છે. આચાર્યજીનાં વ્યક્તિત્વને જાણનાર તો ત્યાં સુધી કહે છે કે દેવલોકથી કોઈ દેવે આ ધરતી પર જન્મ ધારણ કર્યો હતો અને ૪૦-૪૫ વર્ષો સુધી શરીરની પરવા કર્યા વિના પુરૂષાર્થ કરી અજ્ઞાનની ઉંઘમાં પડેલી જનતાને ઢંઢોળી-જગાવી દેવરૂપી વાણીનું અમૃતપાન કરાવી સાથે રાષ્ટ્ર પ્રત્યેના પ્રેમને ઉજાગર કરી, સંસારના ઝંઝાવાતો સામે મૂકભાવે લડતા લડતા તે દેવ કોઈની પણ આખરી સેવા લીધા વિના ચીરનિદ્રામાં પોઢી દેવલોક તરફ પ્રયાણ કરી ગયા. આચાર્યજીએ ન કેવળ ભારતની આર્યજનતાને પરંતુ વિદેશની લગભગ અઠાવીસ યાત્રાઓ કરી દુનિયાભરના આર્ય લોકોને ઢંઢોળી જગાડ્યા અને વેદનો ડંકો વગાડી ઋષિ દયાનંદના અધૂરા રહેલાં યજ્ઞમાં પોતાના કાયારૂપી સમિધાની આહુતિ આપતા ગયા.

(વધુ આવતા અંકે)

## વેદ સ્વાધ્યાય... (પાન-૨નું શેષ)

વેદજ્ઞાનના પ્રદાતા ઈશ્વરની નિંદા કરનારને નાસ્તિક ઘોષિત કરી હેય - ત્યાજ્ય દૃષ્ટિથી જોવામાં આવતો હતો.

વેદોનો સ્વાધ્યાય કરવો માનવજીવનનું પરમ કર્તવ્ય છે. વેદજ્ઞાનના સ્વાધ્યાય વિના સાચા સુખ અને સાચી શાંતિની અભિલાષા મૃગજળ સમાન છે. વેદાનુકુળ શ્રેષ્ઠ આચરણ કરતાં જે વેદની ઋચાઓના રહસ્યો ઉદ્ઘાટિત કરે છે તે આ લોકમાં સ્વચ્છાથી કોઈપણ આશ્રમમાં નિવાસ કરતો ચારેય પુરૂષાર્થ અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સિદ્ધ કરી લે છે.

## સમસ્યા સમાધાન..... (પાન-૨નું શેષ)

પ્રત્યેક ઈચ્છિત વસ્તુ મળી જાય, તે કિંમતે મળી જાય, તેટલી જ માત્રામાં મળી જાય, જેવી ચાહી તેવી મળી જાય, તે સ્તરની મળી જાય, તેટલા જ કાળમાં મળી જાય, તે સુવિધાથી મળી જાય. કોઈ વસ્તુને પ્રાપ્ત કરવા સંબંધિત ઈચ્છા ઉત્પન્ન થાય છે, થતી રહે છે. જે જે વસ્તુને તે જોશે, તેમાં જે જે વસ્તુ તેને લાભકારી, સુખદાયી લાગશે તેને પ્રાપ્ત કરવાની કામના તેના મનમાં ઉત્પન્ન થશે. એટલું જ નહિં, તે વસ્તુથી સંબંધિત તેની ઈચ્છા અધિકાધિક વધતી જશે. તે વસ્તુ વધારે મળે, અધિક માત્રામાં મળે અને શ્રેષ્ઠ મળે, સસ્તી મળે, શીઘ્ર મળે, સરળતાથી મળે, અનાયાસ મળે, મળતી રહે અને મળવામાં કોઈ અડચણ ન આવે તેવી તે વિષય સંબંધિત તેની ઈચ્છા બનતી રહે છે. બસ, અહીંથી તે સમસ્યાના હોવાની શરૂઆત થઈ જાય છે.

દુનિયામાં આજે પ્રત્યેક વિષયમાં જે સૌથી મોટી સમસ્યા છે તે એ છે કે મનોવાંછિત વસ્તુ, મનોવાંછિત વ્યક્તિ, મનોવાંછિત સ્થાન, મનોવાંછિત ક્રિયા, મનોવાંછિત ઉદ્દેશ્ય અને મનોવાંછિત સાધન વ્યક્તિને મળતા નથી. એ સંભવ નથી કે સૌને એ એટલી માત્રામાં, એ સ્તરનું, એ મૂલ્યનું, એ સમયમાં, એટલી જ સુવિધાપૂર્વક, સાધનપૂર્વક પ્રાપ્ત થઈ જાય, જેમ કે પહેલાં પ્રાપ્ત થઈ ગયું હતું અથવા બીજાને મળી ગયું હતું. એમ ન થવાથી વ્યક્તિ દુ:ખી થાય છે. એ જ તો સમસ્યાનું મૂળ કારણ છે. (ક્રમશઃ)

**અગ્નિપથનું લવાજમ મોકલવાનું સ્થળ**

**શ્રી અરવિંદભાઈ રાણા**

**ઓ-૫૦૧, શુકન સ્કાય,**
**સિટી પલ્સની બાજુમાં,**
**કુડાસણ, તા.જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧**
**મોબા. ૯૭૨૭૭ ૦૦૨૦૮**
e-mail : agnipathweekly@gmail.com

આપ નીચેના બેંક એકાઉન્ટમાં વાર્ષિક લવાજમ પેટે સહયોગ રાશી રૂા. ૨૦૦/- ભરી તેની જાણ અગ્નિપથને કરી શકો છો.

**ખાતાનું નામ : અગ્નિપથ**
**બેંક : યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા**
**શાખા : ગાંધીનગર,**
**કરન્ટ એકાઉન્ટ નં. ૧૪૫૫૦૫૦૦૦૩૬૮૧**

## અગ્નિપથનાં પ્રથમ અંકના વિમોચનની આચાર્ય જ્ઞાનેશ્વરજી સાથેની જૂની યાદો

# દિવંગત આચાર્ય જ્ઞાનેશ્વરજીની પ્રેરણાથી જ અગ્નિપથ સાપ્તાહિકનો પ્રારંભ થયો હતો









આજથી ૧૭ વર્ષ અને ૧૧ મહિના પહેલાં ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૦નાં રોજ ગાંધીનગર ખાતે અગ્નિપથ સાપ્તાહિકનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે તે વખતે આચાર્ય જ્ઞાનેશ્વરજીની પ્રેરણાથી જ આ સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું હતું. તે વખતે આર્યજગતમાં સમાચારો એકબીજા સુધી પહોંચતા ન હતા. મોટા અખબારો આર્યજગતનાં સમાચારોને યોગ્ય સ્થાન આપતા ન હતા. પ્રાંતીય સભા દ્વારા પણ કોઈ સમાચારપત્ર ચાલતું ન હતું. આવા સમયે વૈદિક ધર્મીઓ એકબીજાના સંપર્કમાં રહી શકે, આર્યજગતની ગતિવિધિઓથી સૌ માહિતગાર બને અને દર્શન યોગ મહાવિદ્યાલય-રોજડ તથા આર્યસમાજોનાં કાર્યક્રમોથી લોકોને માહિતગાર કરવાના આશયથી આ સમાચાર પત્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આર્યસમાજો તથા આર્યસમાજીઓની સંખ્યા બહુ સિમીત હતી અને હજુ પણ સિમીત જ છે તેવા સંજોગોમાં આવું અખબાર ચલાવવું લગભગ અસંભવ જેવું જ હતું. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ એવા સમયે મારો સંપર્ક કરી મને અગ્નિપથ સાપ્તાહિક શરૂ કરવા પ્રેરણા આપી. હું પણ મારા કાર્યોમાં વ્યસ્ત હોવાથી મારા ધર્મપત્નિ શ્રીમતી નીતાબહેનને અગ્નિપથનાં સંપાદનકાર્યની જવાબદારી સોંપવામાં આવી. અગ્નિપથના પ્રથમ અંકનું વિમોચન ગાંધીનગરનાં સુપ્રસિદ્ધ દૈનિક ગાંધીનગર સમાચારનાં તંત્રી શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા અને અગ્નિપથનાં કાર્યવાહક સંપાદક શ્રી હિમાંશુભાઈ ભચેચની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આચાર્યજીનાં અંક વિમોચન પ્રસંગની તથા વક્તવ્ય આપતી તસવીરો તેમની યાદરૂપે પુનઃ પ્રકાશિત કરી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે અત્યારે અગ્નિપથ પાક્ષિકનું મલ્ટીકલરમાં પ્રકાશન કરવામાં આવી રહ્યું છે તેની પ્રેરણા પણ આચાર્યજીએ જ આપી હતી. મેં અગ્નિપથના પ્રકાશનનાં કાર્યમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા બાદ અગ્નિપથ સાપ્તાહિકનું પ્રકાશન શ્રી હરીશભાઈ રાણા દ્વારા કરવામાં આવતું હતું. તેમણે વૈદિક ધર્મનાં પ્રચાર પ્રસારના સ્થાને અગ્નિપથનું પ્રકાશન વિશુદ્ધરૂપે રાજકીય સમાચારો સાથે કરવાનું શરૂ કર્યા બાદ તેમણે દયાનંદ ટાઈમ્સનાં નામથી પાક્ષિકનું પ્રકાશન આર્યજગત માટે શરૂ કર્યું હતું.

આચાર્ય જ્ઞાનેશ્વરજીએ જ્યારે દુઃખી મને મને કહ્યું કે જે અગ્નિપથનું વિમોચન મારા હાથે કરવામાં આવ્યું હતું તેનું મારા જીવિતકાળમાં જ મરણ થઈ જાય તે યોગ્ય નથી. આથી જ મેં પુનઃ અગ્નિપથ પાક્ષિકનું મલ્ટીકલરમાં પ્રકાશન કરી દીધું. આચાર્યજીનો તથા આર્યસમાજ, આણંદનો આર્થિક સહયોગ મળવાનો શરૂ થયો. આર્યસમાજ, પોરબંદર દ્વારા લગ્ન પ્રસંગે ફરજીયાત અગ્નિપથનાં લવાજમ લેવાની શરૂઆત શ્રી ધનજીભાઈએ કરી દીધી. આર્યસમાજ, ભાવનગરે પણ લગ્ન પ્રસંગે ફરજીયાત લવાજમ લેવાનું શરૂ કરવાનું આશ્વાસન આપ્યું છે.

આમ, ધીમે ધીમે અગ્નિપથ આચાર્યજીની પ્રેરણા અને સહયોગથી વૈદિક ધર્મનાં પ્રચાર-પ્રસારનાં કાર્યો હેતુ પુનઃ તેની પાંખો ફેલાવી રહ્યું છે. હજી તો મલ્ટીકલર અંકોનાં પ્રકાશનને ૭-૮ મહિના જેટલો જ સમય થયો હશે ને આચાર્યજીએ અચાનક આપણી વચ્ચેથી વિદાય લઈ લીધી. આ દુઃખદ ઘટનાથી આર્યજગતમાં શોકનું મોજું ફરી વળ્યું. અગ્નિપથ તેમના વૈદિક ધર્મનાં પ્રચાર-પ્રસાર માટેનાં અવિરત કાર્યોની નોંધ લઈ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે.

## આચાર્ય સંદીપજી દ્વારા વાનપ્રસ્થીઓને ભણાવવાની શરૂઆત થઈ

# વાનપ્રસ્થ સાધક આશ્રમ ખાતે વૈશેષિક દર્શનનાં વર્ગનો પ્રારંભ થયો





વાનપ્રસ્થ સાધક આશ્રમમાં રહેતા વાનપ્રસ્થીઓની આધ્યાત્મિક ઉન્નતિ માટે દર્શન શાસ્ત્રોનાં અધ્યયનનું કાર્ય ચાલી રહ્યું છે. આચાર્ય જ્ઞાનેશ્વરજી સ્વયં દાર્શનિક વિદ્વાન હતા એટલે સ્વાભાવિકરીતે જ વાનપ્રસ્થીઓ પણ દર્શન શાસ્ત્રોનું અધ્યયન કરી પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરે તેવી તેમની મનોકામના રહેતી હતી.

તેમના દેહાવસાન બાદ તેમની ઈચ્છા મુજબ આશ્રમમાં દર્શન શાસ્ત્રોનાં અધ્યાપનનું કાર્ય ચાલતું રહે તે હેતુથી તેમના શિષ્ય અને વાનપ્રસ્થ સાધક આશ્રમનાં ઉપસચિવ આચાર્ય સંદીપજી દ્વારા આ વર્ગોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે વૈશેષિક દર્શનનાં અગાઉ બે સત્રો પુરા થઈ ગયા છે. આ ત્રીજા સત્રમાં પાંચમા અધ્યાયથી શરૂ કરીને અંત સુધીનો પાઠયક્રમ લગભગ દોઢ-બે મહિનામાં પૂરો થઈ જશે. આશ્રમ દ્વારા પ્રકાશિત એક અખબારી યાદીમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે આચાર્ય જ્ઞાનેશ્વરજીની ઈચ્છા મુજબ દર્શનોની સાથે ઉપનિષદોનું પણ અધ્યયન આગામી સમયમાં કરાવવામાં આવશે.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021